

## વિષય : શિક્ષણમાં આધુનિક ટેકનોલોજીનું મહત્વ

**પટેલ રેશ્મા એ.**
પ્રા.વિભાગ

સંસ્કૃતમાં શિક્ષણ માટેનો શબ્દ ''શિક્ષા'' છે. ''શિક્ષા''નો અર્થ શીખવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવાની ભાવના છે.

ટેકનોલોજીની ઉત્ક્રાંતિ એ આપણા જીવનના દરેક પાસાને અસર કરી છે. વાસ્તવમાં ટેકનોલોજી સમાજને ટકાવી રાખવાનો એક અભિન્ન ભાગ બની ગયો છે.અને તેથી શિક્ષણ સાથે તેની પ્રેરણા અનિવાર્ય છે.ટેકનોલોજી વિદ્યાર્થીઓને માત્ર અસંખ્ય ઓનલાઇન સંસાધનો પ્રદાન કરતી નથી,પરંતુ તેમને શીખવાની પ્રક્રિયામાં મદદ કરે છે. મોટા ભાગની યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ તેમની શિક્ષણ પધ્ધતિઓમાં ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરી દીધો છે. શૈક્ષણિક ટેકનોલોજી વિદ્યાર્થી,શિક્ષક,સંચાલન અને સમગ્ર શાળાના વાતાવરણને અસર કરે છે.વિજ્ઞાનના વિવિધ નિયમો અને શોધ એ શૈક્ષણિક ટેકનોલોજીનો આધાર છે.જેમ આપણા જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ લાભ મેળવવાની જરૂર છે, તેવી જ રીતે શિક્ષણ ક્ષેત્રે પણ શૈક્ષણિક ટેકનોલોજીની અસર છે. શૈક્ષણિક ટેકનોલોજીએ શિક્ષકો માટે વિદ્યાર્થીઓને સામગ્રી પહોંચાડવાનો એક માર્ગ છે.વિશ્વભરના વર્ગખંડો સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા માહિતીનું આદાનપ્રદાન કરવાનું સરળ બને છે.

ટેકનોલોજી દ્વારા શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન કરવામાં મદદ કરવા માંગતા વ્યકિતઓ માટે અમેરિકન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ એજયુકેશન પોલિસી અને લીડરશિપમાં માસ્ટર ઓફ આર્ટસ ઓફર કરે છે જેથી શિક્ષકોને આવશ્યક સાધનો સાથે તૈયાર કરી શકાય.

---



## વિષય : ટોલ્સટોયનાં વિચારો અને તેના પુસ્તકોનો પ્રભાવ

**મિલનબેન ઠક્કર**
પ્રાથમિક વિભાગ (ગુ.મા.)

જન્મ : ૯, સપ્ટેમ્બર ૧૮૨૮ માં થયો હતો. માતાનું નામ : મારિયા ટોલ્સટોય, પિતાનું નામ : નિકોલેય ટોલ્સટોય લિયોટોલ્સટોય રશિયાનાં પ્રસિધ્ધ ફિલોસોફર અને લેખક હતા. આજે પણ તેમને દુનિયાના સૌથી મહાન લેખકોમાંથી એક માનવામાં આવે છે. ટોલ્સટોય બાળસાહિત્યકાર હોવાની સાથે સાથે દાર્શનિક ,ચિંતક ,ઉપન્યાસકાર તેમજ વિચારક પણ હતાં

**પુસ્તકોનું અનુવાદ :** (૧) વૈકુંઠ તારા હૃદયમાં (૨) ત્યારે કરીશું શું ? (૩) પ્રેમમાં ભગવાન (૪) યુધ્ધ અને શાંતિ (૫) અન્ના કરેનિના તેમની બે નવલકથા વિશ્વ પ્રસિધ્ધ છે.

''વૈકુંઠ તારા હૃદયમાં છે'' આ પુસ્તકની પ્રેરણા પછી ગાંધીજી દ્રઢ બન્યા અને તેના વિચારો દ્વારા ગાંધીજીએ પોતાની આગવી રીતે ચલાવેલી આઝાદીની લડત ૧૯૪૭ માં સફળ થઇ.અન` આઝાદી અપાવી.

લિયોટોલ્સટોયના ઉચ્ચવિચારો, તેમના પુસ્તકોનો પ્રભાવ સમાજને કઈ રીતે ઉપયોગી બને છે.? તેમજ પ્રેરણાત્મકરુપ બને તેવા વિચારો રજૂ કર્યા છે .જે સમાજના લોકોના જીવનને બદલી શકે છે.

**લિયો ટોલ્સટોયના વિચારો**

- વ્યકિતને સાચો આનંદ ત્યારે મળી શકે છે જયારે આપણે પોતાના જીવનને સેવા સ્વરુપ માં જોઇએ છીએ.
- બુરાઇનો પ્રતિકાર બુરાઇથી નહિ પણ ભલાઈથી કરવો,હિંસાનો પ્રતિકાર અહિંસાથી કરવો એજ જીવનનો સર્વોચ્ચ નિયમ છે.
- આપણે શું છીએ અને આપણે કેમ છીએ તે જાણતા નથી તો જીવન અસંભવ છે.

---



## વિષય : Creative and Critical Thinking

### સિર્જનાત્મક અને વિવેચનાત્મક વિચારસરણી

**વાઘેલા અનિતાબેન**
(પ્રાથમિક વિભાગ ગુ.મા.)

સર્જનાત્મક વિચારસરણી વધારવા માટે લેખનકાર્ય, ચિત્રકામ, પ્રોજેક્ટ, આર્ટ એન્ડ ક્રાફટ, નાટ્યકલા, સંગીત, કવિતા લખવી, વાર્તાલેખન, એકપાત્રીય અભિનય, નાટક, જુદા જુદા વિષયને સાંકળીને શીખવાડવું. બાળકોને પ્રકૃતિના સાનિધ્યમાં લઈ જઈને ભણાવી શકાય. આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં નવી રીતે વિચારવા તેમજ તેમની કલ્પના શકિતને વધારવા મદદરૂપ થાય છે. વિવેચનાત્મક વિચારસરણી વધારવા માટે ડિબેટ (ચર્ચા), પ્રશ્નોત્તરી, ગ્રુપ પ્રોજેક્ટ, પઝલ, કોયડા વગેરે જેવી પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં તર્કશકિત વિશ્લેષણ શકિત અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વધે છે.




## વિષય : વિદ્યાર્થીઓમાં વાર્તા દ્વારા અપાતુ મૂલ્ય શિક્ષણ / બીજારોપણ

**રૂપલબેન પટેલ**
મ.શિ પ્રા.વિ.(ગુ.મા )

બાળકોને જીવનનાં મૂલ્યો શીખવાડવા માટે વાર્તા થી સશક્ત બીજું કોઇ માધ્યમ નથી.

મૂલ્ય શિક્ષણ એટલે ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ, તપસ્યા, આત્મપ્રભુત્વ, આત્માની ખોજ, આત્માની શાંતિ, શિક્ષણ યજ્ઞ પોતાના પ્રત્યે અને વિદ્યાર્થી પ્રત્યેનું કર્તવ્ય.

વાર્તા સાંભળવાથી અને કહેવાથી વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થાય છે.

એક રીસર્ચ માં જાણવા મળ્યું કે બાળકોને વાર્તા સાંભળવાથી ઘણા મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક લાભ મળે છે.

જેમાં ઉચ્ચારણ શુધ્ધ થાય છે.,શ્રવણ કૌશલ્ય વિકસે છે .શબ્દ ભંડોળ વધે છે.,અભિનયકળા વિકસે છે.

વાર્તા દ્વારા કંઇક નવું શીખવા મળે છે, દરેક વાર્તાનો ઉદેશ્ય અલગ-અલગ હોય છે.વાર્તા ધ્વારા વિદ્યાર્થીમાં આદર, ન્યાય, કરુણા, સહકાર, હિંમત, જવાબદારી, ઉદારતા, ખંત, સ્વ નિયંત્રણ જેવા મૂલ્યો વિકસે છે.નૈતિક મૂલ્યો વ્યકિતને રોજબરોજની પસંદગી કરવામાં અને સાચા ખોટા વચ્ચે નિર્ણય લેવાની તેમની ક્ષમતાને પ્રભાવિત કરવામાં મદદ કરે છે.

પંચતંત્રની વસ્તુસંકલના અદભુત છે.એકવાર્તામાંથી બીજી વાર્તા,બીજી માંથી ત્રીજી,ત્રીજી માંથી ચોથી ક્રમે જાદુઇપેટીની જેમ વાર્તાઓ રજૂ થતી જાય છે.અને વાર્તાના પાત્રો પણ બદલાતા જાય છે.પ્રત્યેકપાત્રને તેની લાક્ષણિકતા પ્રમાણે નામ આપવામાં આવેલાં છે.દંતકથાઓ,અકબર બિરબલ ની વાર્તા ,બત્રીસ પુતળીની વાર્તા ઓ ધ્વારા વિદ્યાર્થી માં ઘણા મૂલ્યો વિકસે છે.

નાનાં બાળકોનેં વાર્તા દ્વારા યોગ્ય રીતે મૂલ્ય શિક્ષણ આપી શકાય છે.

---



## વિષય : જીવનમાં ઉત્સવનું મહત્વ

**શ્વેતા અટોદરિયા**
પ્રા.વિ. (ગુ.મા.)

**ઉત્સવ એટલે તહેવાર, અવસર, પર્વ, શુભ પ્રસંગ**

આમ જોવા જઇએ તો ઉત્સવ એટલે જન્મથી મૃત્યું સુધીની જે ક્ષણે આનંદ મળે એ ક્ષણ. દરેક ઉત્સવ પાછળ કોઇ પૌરાણિક કથા, ધાર્મિક માન્યતા, સાંસ્કૃતિક, સામાજીક, રાજકીય મહાત્મ્ય જોડાયેલું છે. ઉત્સવની ઉજવણીથી આપણી સંસ્કૃતિ જળવાય છે. અને નવી પેઢી તેનાથી માહિતગાર થાય છે જેમ કે, દાન-પુણ્ય, ગૌદાન, અન્નદાન, સૂર્યપૂજન, પાળિયા પૂજન,આધ્યાત્મિક બાબતો તેમજ તેનું મહત્વ સમજે છે.

સામાજીક તહેવારોમાં મેળાવડા થતા હોવાથી પારિવારીક અને અન્ય વ્યકિતઓ સાથે સારા સંબંધ કેળવાય છે. રાષ્ટીય તહેવારોની ઉજવણીથી તેઓ રાષ્ટ્રપ્રેમી બને, રાષ્ટ્ર માટે કંઇક કરવાની ભાવના કેળવે છે.

ઉત્સવએ જીવનને માણવાનું એક માધ્યમ છે. ઉત્સવ મનને શુધ્ધ કરે છે. આપણુ જીવન આનંદમય બને છે.ઉત્સવ આપણને નવી ઊર્જા આપે છે .

મહાન કવિ કાલિદાસે ''ઉત્સવ પ્રિયા ખલુ જના'' કહી ઉત્સવ પ્રિય લોકોને બિરદાવ્યા છે.

---



## વિષય : કાચા ને પાકા કરો, પાકા ને પારંગત કરો.

**હેતલ પટેલ**
પ્રા.વિભાગ (ગુ.મા.)

દરેક બાળકમાં કંઇને કંઇ નવું હોય છે.પરંતુ તેને ખંખોળવું પડે છે.કેટલાક બાળકો શિક્ષણમાં તો કેટલાક અલગ પ્રવૃતિમાં અત્યંત પ્રભાવી હોય છે.પરંતુ બાળકોને ચકાસવાનો આપણો માપદંડ માત્ર પરિણામ છે. તેથી તમામ બાળકો પોતાની કક્ષા અનુસાર શ્રેષ્ઠ પરિણામ મેળવી શકે છે તેવા પ્રયાસો ખૂબ જ આવશ્યક બને છે.દરેક બાળક પોતાની શકિત અનુસાર આગળ વધે છે.શિક્ષકે તેનામાં રહેલી સુષુપ્ત શકિત શોધી કાઢી બહાર લાવવાની અને પછી તેને કંડારવાનો પ્રયત્ન કરવાનો છે.

(૧) સૌ પ્રથમ અભ્યાસ માં રૂચિ ઉત્પન્ન કરવામાં આવે છે.
(૨) શિક્ષકો દ્વારા સતત કાઉન્સેલીગ કરવામાં આવે.
(૩) કયા વિષયમાં કેટલાં કાચા છે તે જાણી ઉપચારાત્મક કાર્ય કરવામાં આવે છે.
(૪) નબળા વિદ્યાર્થીઓને પોતાની રજૂઆત માટે આગળ બોલવાની તક પૂરી પાડવી.
(૫) ટાઇમ મેનેજમેન્ટ.
(૬) દસ દસ પ્રશ્નપ્રત્રોનાં જવાબ લખવાની પ્રેક્ટિસ કરવામાં આવે.
(૭) અક્ષર સારા થાય તે માટે લખવાની પ્રક્ટિસ કરાવવામાં આવે છે.
(૮) આચાર્ય ધ્વારા સતત મોટીવેશન આપવામાં આવે .
(૯) પેપરમાં ન આવડતા પ્રશ્નો આધારીત પ્રકરણો ફરી તૈયાર કરાવવામાં આવે.
(૧૦) મોટીવેશનલ વિડિયો બતાવી આત્મ વિશ્વાસ વધારવામાં આવે.

> વિદ્યાર્થી પાસેથી આપણે પરાણે કશું જ કરાવી શકતા નથી. તેમની ઈચ્છા વિરુદ્ધ માત્ર દબાણથી આપણે જે કંઈ કરાવવા પ્રયત્નો કરીએ તે બધા નિષ્ફળ નીવડે છે. અને જો આપણે સખતાઈ વધુ વાપરીએ તો આપણને છેતરવા સુધી જઈ શકે છે.